ગાંધીનગર સમાચાર

સેક્ટરોના રિડેવલપમેન્ટ કરવાની યોજના પર વધુ એક વખત બ્રેક

# શહેરમાં રાત્રે ઠંડી, દિવસે ગરમી

ગાંધીનગર તા ૩

શહેરમાં શિયાળાની મૌસમ નિખરી હતી ત્યારે વાતાવરણમાં અચાનક જ નાટયાત્મક બદલાવ સાથે છેલ્લા ત્રણ દિવસથી શહેરીજનો દિવસના સમયે પરસેને નિતારતી ગરમીનો અહેસાસ કરી રહયા છે. ઠંડીનો પારો પણ ગગડીને ૧૧ ડી ગ્રીએ પહોંચી જતા દિવસ દરમિયાન શહેરીજનો બફારો અનુભવી રહયા છે. રાત્રિના સમયે ગુલાબી ઠંડીનુ મોજુ ફરિ વળતા નગરજનો બેવડી ઋતુનો અનુભવ કરી રહયા છે.

ગાંધીનગરમાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો પ્રવર્તયો છે. ત્યારે મૌસમનો અંદાજ પણ બદલાયો છે. શિયાળાની મૌસમ નિખરતા સમગ્ર રાજયમાં ગાંધીનગર શહેર ઠંડીની દ્રષ્ટીએ બીજા ક્રમે હોવાનો અહેસાસ શહેરીજનોએ કરી લીધો છે. કડકટતી ઠંડીમાં આક્રમક કોલ્ડવેવના લીધે શહેરીજનોએ ઠંડીમાં ઠુંઠાવાનો વારો આવ્યો હતો. શહેરી જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ પરંતુ છેલ્લા ત્રણ દિવસથી લઘુત્તમ તાપમાન ૧૦ ડી ગ્રી ને પાર રહેતા નગરજનો ગરમીનો અહેસાસ કરી રહયા છે.

આજે પણ ઠંડીનો પારો ૧૧ ડી ગ્રીએ રહેતા નગરજનોએ દિવસના પરસેવે નિતરતી ગરમીનો અહેસાસ કર્યો હતો. બીજીતરફ રાત્રિના સમયે ગુલાબી ઠંડીનુ મોજુ ફરિ વળતા નગરજનો બેવડી ઋતુથી પ્રભાવિત થયા છે.

# જિલ્લાના ૨૭ ગામ નાણાપંચની ગ્રાન્ટથી વંચિત

## શહેરી વિસ્તારની નજીક આવેલા આ ગામોમાં વિકાસની ગ્રાન્ટ ન મળતાં ભભૂકેલો રોષ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના ૨૭ ગામો જે શહેરી વિસ્તારની નજીક આવેલા છે તેમજ વિકાસના પ્રવાહ સાથે ભળી ગયા છે તેવા ગામોને ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી.

કેન્દ્ર સરકારની સૂચના અને રાજ્ય સરકારના માર્ગદર્શનને ધ્યાને લઈ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ગામોને ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ નહિ ફાળવતાં ઉભા થયેલા અસંતોષને વાચા આપવા તંત્રએ પત્ર લખી માર્ગદર્શન પણ માંગ્યુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આવા ગામોમાં ગાંધીનગર અને કલોલ તાલુકાના વધુ ગામોનો સમાવેશ થાય છે. ગામોમાં આ વખતે વસ્તી પ્રમાણે ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ ફાળવવી તેવા આદેશને પગલે વિલેજ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવાની કવાયત પણ બીજી તરફ ચાલી રહી છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલ કુડાસણ, કોબા, રાંદેસણ, રાયસણ, કલોલ તાલુકાના સઈજ, બોરીસણા સહિત ગામોનો સમાવેશ થાય છે. આ બાબતે સરકારમાં પુનઃ રજુઆત કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

૧૪મા નાણાંપંચે ગ્રાન્ટ ફાળવણીના નિયમોમાં આમૂલ પરિવર્તન કરેલ છે. નાણાંપંચની વિકાસગ્રાન્ટમાંથી જિલ્લા અને તાલુકા પંચાયતની બાદબાકી કરી છે એટલુ જ નહિ નિયમિત હિસાબ ઓડિટેડ રજુ કરનાર ગામોને ૧૦ ટકા સુધીની પરફોમન્સ ગ્રાન્ટ આપવાનો પણ મહત્વનો નિર્ણય કરેલ છે. જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં વિકાસના કામો ચૂંટણીની આચારસંહિતાને લઈ જે ખોરંભે પડ્યા છે તેમાં સરકારે વિલેજ ડેવલપમેન્ટ પ્લાન રજુ કર્યા બાદ ૧લી એપ્રિલથી ૧૪મા નાણાં પંચના કામો હાથ ધરવાના કરેલા આદેશને પગલે ગ્રામ્ય વિસ્તારમાં રોષની લાગણી જન્મી છે.




(તસવીર : દિપક જાની)

અનોખી અભિવ્યક્તિ - શહેરની આવતીકાલની ઉજાસ સમા નવોદિત કલાકારોને તાલીમ આપવામાં કાર્યરત ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત વિવિધ કલા-સાંસ્કૃતિક અભ્યાસક્રમોના તાલીમાર્થીઓ દ્વારા રજૂ કરાયેલ અભિવ્યક્તિ કાર્યક્રમ કલારસિકોએ એકી અવાજે વધાવ્યો હતો... ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત ડાન્સ, ડ્રોઈંગ, એક્ટીંગ, મ્યુઝિક અને પર્સનાલિટી ડેવલપમેન્ટના ૨૩૦ તાલીમાર્થીઓ દ્વારા અભિવ્યક્તિ' કાર્યક્રમમાં ભરતનાટ્યમ્, કથ્થક, કન્ટેમ્પટરી, વેસ્ટર્ન ડાન્સ, બે એકાંકી નાટકો અને સમુહગાન તથા ચિત્ર પ્રદર્શન પ્રસ્તુત કરી સાંસ્કૃતિ નગરની આવતીકાલનો અણસાર આપ્યો હતો...

# સેક્ટરોના રિડેવલપમેન્ટ કરવાની યોજના પર વધુ એક વખત બ્રેક

## સ્માર્ટસીટી પ્રોજેક્ટનો વધુ એક પ્રોજેક્ટ પણ અટવાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં સે. ૭ અને સે. ૨૧માં હાઈરાઈઝ બિલ્ડીંગ બનાવી અને સેક્ટરોના રિડેવલપમેન્ટ કરવાની યોજના પર સરકારે વધુ એક વખત બ્રેક મારી હવે સે. ૭માં સરકાર જ હવે હાઈરાઈઝ બિલ્ડીંગ બનાવશે.

સે. ૭માં સરકારી આવાસો જે જર્જરીત હતા અને ખાલી પડેલા હતા તે તોડી પડાયા બાદ ખુલલ્લી થયેલી જગ્યા પર હાઈરાઈઝ ૭૦૦ જેટલા આવાસોનું બાંધકામ શરૂ કરવા જઈ રહેલ છે. આજે આવા પ્રથમ હાઈરાઈઝ બિલ્ડીંગ ટાવરનું ખાત મુહૂર્ત પણ થનાર છે.

આમ ગાંધીનગર મહાનગરપાલિકાએ રજુ કરેલી સ્માર્ટ સીટી પ્રોજેક્ટ પૈકી બીજા પ્રોજેક્ટને બ્રેક વાગી છે.

મહાનગરપાલિકાએ પણ હાઈરાઈઝ બિલ્ડીંગ બનાવવા અને સેક્ટરના રિડેવલપમેન્ટનો પ્રોજેક્ટ તૈયાર કરેલ છે અને ભારત સરકારમાં તેની દરખાસ્ત પણ મોકલી આપેલ છે.

આ અગાઉ રાજ્ય સરકારે ગાંધીનગર શહેરને સંપૂર્ણ વાઈફાઈ સીટી ૩૧મી માર્ચ સુધીમાં બનાવી દેવાનો પ્રોજેક્ટ પણ હાથ પર લઈ લીધેલ છે. આ દિશામાં વિજ્ઞાન અને

● અનુસંધાન પાન-૭ પર

# દો બુન્દ જીન્દગી કે... પોલીયો કાર્યક્રમના બેનર્સના ટેન્ડરમાં ગોટાળાની ફરિયાદ

**અધિકારીઓની મીલીભગત હોવાની ચર્ચા**

**નિયમ વિરૂધ્ધ કાર્યવાહી કરી ચાહીતી એજન્સીને કામ સોંપી દેવાયુ : આરોગ્ય કમિશ્નરને રજુઆત ટેન્ડર રદ કરવા પ્રબળ માંગ**

ગાંધીનગર તા ૩

દો બુન્દ જીન્દગી કે ...બાળકોને પીવડાતા પોલીયોના ટીપા સંદર્ભે જનજાગૃતિ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. પોલીયો નાબુદી અંગે આમ નાગરિકોમાં જાગૃતતા કેળવાય તે માટે સરકાર દ્વારા પણ વિવિધ સ્થળોએ બેનર્સ લગાડી જુદા જુદા માધ્યમથી પ્રચાર પ્રસાર કરવામાં આવે છે. ત્યારે રાજયના પાટનગરમાં જ પોલીયો નાબુદીના અભિયાનની આ કામગીરીમાં ભ્રષ્ટનિતી અપનાવાતી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. પોલીયો કાર્યક્રમ અન્વયે બેનર્સ તૈયાર કરવાની ટેન્ડર પ્રક્રીયામાં પારદર્શકતા ન જળવાતા ચહીતી એજેન્સીને કામ સોંપી દેવામાં આવ્યુ હોવાનો આક્રોશ ભભુક્યો છે. નિયમ વિરુધ્ધની ટેન્ડર પ્રક્રીયા સામે આરોગ્ય વિભાગના અધિકારીઓને પણ રજુઆત કરવામાં આવી છે. પરંતુ વિભાગના અધિકારીઓની મીલીભગત હોવાથી રજુઆતને પણ ધ્યાને લેવામાં આવતી ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

પોલીયો કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા બેનર છાપકામ તૈયાર કરવા માટે ઓનલાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ આ ટેન્ડર અરજદારોની હાજરીમાં ખોલ્યા વિના જરૂરી દસ્તાવેજોની ચકાસણી વગર જ ચાહીતી એજન્સીને કામ સોપી દેવામાં આવ્યુ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ કામ સંદર્ભે ટેન્ડર ભરનાર અન્ય એજન્સીની રજુઆતોને ધ્યાને લેવામાં ન આવતા આરોગ્ય વિભાગની નિતી સામે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે.આ મામલે વિલ્સન પ્રિન્ટ સી ટી પ્રા.લી તેમજ આઝોલા પ્રીન્ટવેલ પેપર્સ પ્રા.લી ,બીદિંયા એન્ટરપ્રાઇઝ, અને એજયુકેશન એમ્પોરિયમના વેપારીઓએ આરોગ્ય કમિશ્નરને રજુઆતમાં જણાંવ્યા મુજબ કામનાથ મુદ્રણાલય પ્રા લી દ્વારા ઓનલાઈન ટેન્ડર ભરવામાં આવ્યુ હતુ. જેમાં ક્ષતિઓ હોવાછતા અધિકારીઓના મેળાપીંપણાંથી ટેન્ડર ઓપન કરી નિયમ વિરુધ્ધ પ્રક્રીયા પુર્ણ કરવામાં આવી છે. આ એજન્સી દ્વારા ઓનલાઈન રીટર્ન અપલોડ કરવામાં આવ્યા નથી.પ્રોપરાઈટરના રીટર્ન ની બદલે

● અનુસંધાન પાન-૭ પર

# આજે લોકસાહિત્ય પરિવાર દ્વારા સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદીની પૂણ્યતિથિએ "સંભારણા" કાર્યક્રમ

**સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદીના ચલચિત્રોમાં ગવાયેલા ગીતો, લોકગીતો, ભજનોની સરવાણી રજૂ કરાશે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના લોક સાહિત્ય પરિવાર દ્વારા તા. ૪થી જાન્યુઆરી સોમવારે રાત્રે ૯ કલાકે સે. ૧૭ના ટાઉનહોલ ખાતે અભિનય સમ્રાટ પદ્મશ્રી ડૉ. ઉપેન્દ્ર ત્રિવેદીની પુણ્યતિથીએ "સંભારણા" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પાશ્વગાયક-અભિનેતા મંગલ ગઢવી, પાશ્વગાયીકા ભાવના રાણા, લોકગાયક હાર્દિક પ્રફુલ્લ દવે તથા લોક સાહિત્યકાર ઘનશ્યામ ગઢવી દ્વારા ઉપેન્દ્ર ત્રિવેદીના ચલચિત્રોમાં ગવાયેલ ગીતો, લોકગીતો, ભજનોની સરવાણી પીરસશે. આ કાર્યક્રમનું સંચાલન પ્રતિષ્ઠિત લેખક-વિવેચક કવિ માધવ રામાનુજ દ્વારા કરાશે.

ગુજરાત ફિલ્મોના ઈતિહાસમાં દંતકથારૂપ બની જનાર સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદીની સદેહે વિદાયને એક વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે. પ્રભાવશાળી વ્યક્તિત્વ અને ઘેઘુર અવાજ દ્વારા વર્ષો સુધી ગુજરાતી ફિલ્મોમાં અભિનયના નવા આયામો રચનાર અભિનય સમ્રાટ સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદી આજે પણ ચાહકોના દિલમાં રાજ કરી રહ્યા છે. તેમણે ફિલ્મના માધ્યમથી લોકસંસ્કૃતિને જીવંત રાખવામાં ખૂબજ મહામૂલો ફાળો આપ્યો છે.

સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદીની ફિલ્મોમાં હંમેશા ગુજરાતની અસ્મિતા અને લોક સંસ્કૃતિ-ઈતિહાસની અનેરી સુગંધ છવાયેલી રહેલી હતી. લોક સાહિત્ય પરિવાર દ્વારા આ મુઠ્ઠી ઉંચેરા અભિનેતાની પ્રથમ પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ અર્પવા વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

માનનીય શ્રી સુર્યસિંહજી ડાભી ને
જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા.



નવસર્જન ગુજરાત

શ્રી સૂર્યસિંહજી ડાભી
પ્રમુખશ્રી
ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ સમિતિ

:શુભેચ્છક:
શ્રી કૌશિક શાહ પ્રમુખ,ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ
શ્રી રાકેશ જાની ■ શ્રી વિરેન્દ્રસિંહ ઝાલા ■ શ્રી મિતુલ જોષી

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

અક્ષી
રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com